**DATE: 27/02/2024 CATEGORY: GRERN**
**E-PAPER GUJARAT SMACHAR PAGE : 03**

# સીમમાં શેડ બનાવી દારૂનો વેપલો કરતા બૂટલેગરની ધરપકડ

અંકલેશ્વર તા.૨૬

પાનોલી પોલીસે ખરોડ ગામની સીમમાં પતરાનો શેડ બનાવી બાવળીયાના ભાગે ગેરકાયદેસર ઈંગ્લીશ દારૂનો વેપલો કરતા શખ્સને દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો.

પાનોલી પોલીસના સ્ટાફને બાતમી મળી હતી કે એક ઈસમ હેમંત નટવર ચૌહાણ ખરોડ ગામની સીમમાં પતરાનો શેડ બનાવી બાવળીયાના ભાગે ગેરકાયદેસર ઈંગ્લીશ દારૂનો વેપલો કરે છે જેવી બાતમીના આધારે રેડ પાડતા બાવળીયાના ભાગે દારૂનો જથ્થો કુલ રૂ.૮૭૦૦ ઝડપાઈ જવા પામ્યો હતો. પોલીસે હેમંત ચૌહાણની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 27/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE : 04**

### જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધી કાર્યવાહી

# સાયખાની 6 કંપનીએ કેમેરા નહિ લગાવતાં પોલીસનું તેડું

ભાસ્કર ન્યૂઝ | વાગરા

વાગરાની નજીક આવેલાં સાયખામાં દેશ- વિદેશની અનેક કંપનીઓ આવેલી છે તેમજ નવી કંપનીઓ નિર્માણ પામી રહી છે. આ કંપનીઓમાં હજારો કામદારો કામ કરી રહયાં છે. ચોરી, ધાડ, લૂંટ સહિતના અનેક બનાવો બનતાં હોવાથી દરેક કંપનીમાં સીસીટીવી કેમેરા લગાવવા તથા કંપનીઓમાં કામ કરતાં પરપ્રાંતિય શ્રમિકોની નોંધણી કરાવવી ફરજિયાત બનાવવામાં આવી છે. પોલીસની ટીમે પેટ્રોલિંગ દરમિયાન વિવિધ કંપનીમાં ચેકિંગ કરતાં 6 જેટલી કંપનીઓમાં સીસીટીવી કેમેરા લગાવાયેલાં ન હતાં.એસન્ટ બાયો,લુના કેમિકલ, કલરબેન્ડ,ડાઈસ્ટ્રોક, એરોન કેમ ઈન્ડસ્ટ્રીઝ અને પેથોલો સાયન્સ કંપનીના સંચાલકોને જાહેરનામાનો ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લખેનીય છે કે, અગાઉ પણ ત્રણ કંપનીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

**DATE: 27/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE : 04**

કાર્યવાહી | સ્ટેશનથી ભારતી ટોકીઝ સુધી પોલીસ તથા માર્ગ અને મકાન વિભાગની દબાણ હટાવ ઝૂંબેશ

# ભરૂચમાં 1.50 કિમીના માર્ગ પરથી 20 લારી હટાવાઇ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના સ્ટેશન રોડનું 2 કરોડથી વધુના ખર્ચે નવીનીકરણ કરાયાં બાદ સોમવારે પોલીસ તથા માર્ગ અને મકાન વિભાગે દબાણો હટાવવાની ઝૂંબેશ હાથ ધરી હતી. સ્ટેશનથી ભારતી ટોકીઝ સુધીના એક થી દોઢ કિમિના વિસ્તારમાં 20 થી વધારે લારી અને ગલ્લાઓ દૂર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો. એ ડિવિઝન પોલીસનો સ્ટાફ તથા માર્ગ અને મકાન વિભાગના 22 થી વધારે કર્મચારીઓ દબાણ હટાવ ઝૂંબેશમાં જોડાયા હતાં. બીજી તરફ પાંચબત્તીથી સોનેરી મહેલ વિસ્તારમાં પણ દબાણો દૂર કરાયાં હતાં. શહેરના મુખ્યમાર્ગો પર લારીગલ્લાઓના દબાણોના કારણે રસ્તો રોકાઇ જતાં વાહનચાલકો હાલાકી ભોગવી રહયાં હતાં.



## આડેધડ રીતે પાર્ક કરાતાં વાહનો સામે પણ કાર્યવાહી જરૂરી

ભરૂચના મુખ્યમાર્ગો પર આડેધડ રીતે પાર્ક કરવામાં આવતાં વાહનોના કારણે પણ ટ્રાફિકની સમસ્યા વિકટ બની છે. ગમે ત્યાં પાર્ક કરી દેવાતાં વાહનો રસ્તો રોકી લેતાં હોવાથી અન્ય વાહનો પસાર થઇ શકતાં નથી. ખાસ કરીને પ્લાઝા હોટલની ગલીમાં વાહનોના આડેધડ પાર્કિંગના કારણે હોસ્પિટલમાં દર્દીઓને લઇ જતી એમ્બયુલન્સ પણ ફસાઇ જાય છે.

**DATE: 28/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE :04**

### અગાઉ ઝડપાયેલાં ખેપિયાઓએ વટાણા વેર્યા

# અંકલેશ્વરમાં દારૂ પ્રકરણમાં સુરતના 2 આરોપીની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની પ્રતિન ચોકડી નજીકથી કાળા રંગની બેગ લઈ જતા બે ઈસમોને રોકી તલાસી લેતા અંદરથી દારૂની જુદી જુદી બ્રાન્ડની 60 બોટલ મળી આવી હતી પોલીસે કુલ 45 હજાર રૂપિયાના દારૂ નો જથ્થો જપ્ત કરીને સુરતના માંડવીના પ્રહલાદ કલવાનીયા અને મોહિત ચૌધરીનેઝડપી પાડ્યા હતા. જ્યારે કીમ ચોકડીના પ્રમોદ જાટને વોન્ટેડ જાહેર કર્યો હતો. ઝડપાયેલ આરોપીની પૂછપરછ દરમિયાન વધુ બે નામ ખુલ્યા હતા. જે આરોપીને સુરત માંગરોળ તાલુકાના પાલોદ કીમ ચાર રસ્તા રાજુ કેલાલ નાયક અને કીમ ચાર રસ્તા ચિત્રકૂટ સોસાયટી ખાતે રહેતા ગણપત રામ રાયકાને ઝડપી પાડ્યા હતા અને તેમની પૂછપરછ શરુ કરી હતી જ્યારે હજુ આ ગુનામાં પ્રમોદ વોન્ટેડ હોવાથી પોલીસે તેને ઝડપી પાડવા માટેની કવાયત શરુ કરી હતી.

**DATE: 28/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE : 01**

### પોલીસે સૈદ્ધાંતિક પુરાવાઓ એકત્ર કર્યાં

# અંકલેશ્વરના ડબલ મર્ડર કેસનો આરોપી સબજેલમાં ધકેલાયો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

અંકલેશ્વરમાં યોગેશ્વર નગરમાં થયેલી બેવડી હત્યાના આરોપી રોહન વસાવા બે દિવસના રીમાન્ડ પૂર્ણ થઇ જતાં તેને સબજેલમાં ધકેલી દેવાયો છે. અંકલેશ્વરમાં આવેલાં સારંગપુરના યોગેશ્વરનગરમાં ડબલ મર્ડરની ઘટના બની હતી. પ્રેમિકા અનિતા સાથે તકરાર થતાં ઘરેથી નિકળી ગયેલો પ્રેમી રોહન રાત્રે ઘરે પરત આવતાં તેની પ્રેમિકા અનિતા તેના અગાઉના પ્રેમી હિતેષ સાથે રૂમમાં હોઇ તેમજ હિતેશ અર્ધનગ્ન હાલતમાં હોઇ રોહને બન્ને પર ચપ્પુના ઘા કરી નિર્મમ હત્યા કરી હતી. પોલીસે તેની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતાં તેના બે દિવસના રિમાન્ડ મંજૂર થયાં હતાં. જેમાંપોલીસે તેણે હત્યાના સમયે વાપરેલી તેની બાઇક તેમજ હત્યા કરી ગયાં બાદ તેના રક્તરંજિત કપડાનો નિકાલ ક્યાં કર્યો તેની વિગતો મેળવી બન્ને કબજે કર્યાં હતાં. જોકે, તેણે હત્યા કરવા માટે વાપરેલો છરો જે તે સમયે હત્યા સ્થળેથી જ મળી આવ્યો હતો. પોલીસના અન્ય પ્રશ્નોના કોઇ ચોક્કસ ઉત્તર તેણે આપ્યાં ન હતાં. તેના રિમાન્ડ પુર્ણ થતાં કોર્ટમાં રજૂ કરીસબજેલમાંમોકલાયો છે.

**DATE: 28/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE : 01**

# દારૂના ગુનામાં માંગરોળ ગામના બે વોન્ટેડ બૂટલેગર ઝડપાયા

અંકલેશ્વર તા.૨૭

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે પ્રોહીબીશન એક્ટના ગુનામાં વોન્ટેડ બે બુટલેગરોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અંક્લેશ્વર રેલવે સ્ટેશનની બહાર પ્રતિન ચોકી પાસે ગત તા.૧૧ ના રોજ ગેરકાયદે વિદેશી દારૂની જુદી જુદી બોટલો નંગ ૬૦ રૂ.૪૫૦૬૦, મોબાઈલ , રૂ.૧૦ હજાર મળી કુલ રૂ.૫૫૦૬૦ નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો.આ ગુનામાં રાજુ કેલાલ નાયક તેમજ ગણપતરામ રામરામ રાયકા બંને રહેવાસી માંગરોળને વોન્ટેડ જાહેર કરાયા હતા.

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ દ્વારા આજરોજ બંને બુટલેગરોની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

**DATE: 29/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE : 04**

### પોલીસે 8.22 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો, નોટિફાઇડના પાઇપ હોવાની શંકા

# ઝઘડિયામાં ચોરીની 95 નંગ પાઈપ સાથે 12 ગુનામાં સંડોવાયેલો તસ્કર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા જીઆઈડીસીમાં પિકઅપ ગાડીમાં ચોરીની પ્લાસ્ટીકની 95 પાઈપ લઈ જતાં રીઢા તસ્કરને ઝડપી લેવાયો છે. જીઆઈડીસીમાં ચોરીના વધી રહેલાં બનાવોને ધ્યાને રાખી પોલીસ પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે. ઝઘડિયા પોલીસને એક પીકઅપ ગાડીમાં પાઈપનો મોટો જથ્થો શંકાસ્પદ હાલતમાં લઈ જવાતો હોવાની બાતમી મળી હતી. જેથી વોચ ગોઠવીને બોલેરોને રોકવામાં આવી હતી. જેમાં તપાસ કરવામાં આવતાં કેમિકલનો નિકાલ કરવા માટે વપરાતી 95 નંગ પાઈપ મળી આવી હતી. પાઈપની માલિકી અંગે યોગ્ય ખુલાસો નહિ આપી શકતાં બોલેરોના ડ્રાઈવર અને ઝઘડિયા તાલુકાના જ ફૂલવાડીના રહેવાસી નફીસખાન પઠાણની અટકાયત કરવામાં આવી હતી. બોલેરો ગાડી અને પાઈપ સહિત



કુલ 8.22 લાખનો મુદામાલ જપ્ત કરાયો હતો. આ પાઈપ નોટીફાઈડ વિભાગની કચેરીમાંથી ચોરી કરાયા હોવાની વિગતો સામે આવી છે. બનાવ અંગે કચેરીના ઈજનેરની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નફીશખાન પઠાણ વિરૂધ્ધ વિવિધ પોલીસ સ્ટેશનોમાં કુલ 12 ગુનાઓ નોંધાયેલાં છે.

**DATE: 29/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE: 04**

# અંકલેશ્વરમાં ચાંદીના કંદોરા સાથે એક ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ગડખોલ ગામની મીઠા ફેક્ટરી પાસે એક ઈસમ કમરમાં પહેરવાના કંદોરો વેચાણ કરવા ફરી રહ્યો છેતેવી બાતમીના આધારે એલસીબી પોલીસે વોચ ગોઠવી હતી અને નજીકમાં જ ઝૂંપડામાં રહેતા અરવિંદ ભીખા ચુનારાની શંકાસ્પદ ચાંદીના 33 હજાર રૂપિયાના કંદોરા સાથે અટક કરી હતી અને કંદોરો ક્યાંથી લાવ્યો અને કેવી રીતે મેળવ્યો તે અંગે વધુ પૂછપરછ શરૂ કરી હતી.

# નાંગલ ગામે જુગાર રમતા ૩ ખેલી ઝડપાયા

અંકલેશ્વર તા.૨૮

અંકલેશ્વર તાલુકાના નાંગલ ગામે જાહેરમાં પતા પાનાનો જુગાર ખેલતા ત્રણ જુગારીઓને અંકલેશ્વર રૂરલ પોલીસે ઝડપી પાડ્યા હતા. અંકલેશ્વર રૂરલ પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન નાંગલ ગામે બાતમી મળી હતી કે વાલ્મિકી ફળીયામાં આવેલ ઝાડી ઝાંખરીમાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પત્તાપાના પૈસા વડે હાર જીતનો જુગાર રમી રહ્યા છે જે બાતમીના આધારે રેડ કરતા ત્રણ ઈસમો પતા પાનાનો જુગાર ખેલતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે તેઓ પાસેથી અંગઝડતી માંથી રોકડા રૂ. ૮૫૦ તથા દાવ ઉપરના રૂ. ૩૦૦ મળી કુલ રૂ.૧૧૫૦ જપ્ત કરી સતિષ નટવર વસાવા, જયેશ અભેસિંગ વસાવા તેમજ પ્રતિન અભેસિંગ વસાવાની અટકાયત કરી હતી.

**DATE: 02/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### ભરૂચમાં દબાણ શાખાની કાર્યવાહી

# પાંચબત્તી, શક્તિનાથ અને કોર્ટ રોડ પરના લારીગલ્લાના દબાણો દૂર કરાયા

ભરૂચ,તા.૧

ભરૂચ નગરપાલિકાના દબાણ શાખા દ્વારા શહેરના પાંચબત્તી, શક્તિનાથ સર્કલ, કોર્ટ રોડ પરના મુખ્ય માર્ગો પરના લારી ગલ્લાઓને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## શહેરમાં પશ્ચિમ વિસ્તાર છોડી દરેક વિસ્તારમાં દબાણો દૂર કરાતા હોવાનો લારી-ગલ્લાધારકોનો આક્ષેપ

ભરૂચ શહેર નાનો અને ગીચ વિસ્તાર ધરાવે છે. ઉપરાંત જાહેરમાર્ગો ઘણી રીતે સાંકડા અને ગીચ છે. જેમાં લારી-ગલ્લાના દબાણથી ટ્રાફિકજામની સ્થિતિ સર્જાતી રહે છે. શહેરનાં પાંચબત્તી, શક્તિનાથ સર્કલ, કોર્ટરોડના મુખ્ય માર્ગો પર લારી-ગલ્લાના ગેરકાયદે દબાણના કારણે ટ્રાફિકને અડચણ ઊભી થતી હોય છે. ત્યારે શહેરના મુખ્ય એવા પાંચબતીથી શક્તિનાથ ,કોર્ટ રોડ પર માર્ગો પર ટ્રાફિકને અડચણરૂપ વાહન પાર્ક કરનારાઓ પર પોલીસ વિભાગ દ્વારા દંડનીય કાર્યવાહી કરવા સાથે ગેરકાયદે રોડ પર દબાણ કરી વેચાણ કરતાં લારી-ગલ્લાવાળા પર નગરપાલિકા અને પોલીસ વિભાગે તવાઈ બોલાવી હતી. આ કાર્યવાહી દરમિયાન કેટલાક લોકો દ્વારા પોલીસ અને નગરપાલિકા સામે પાંચબત્તીથી સ્ટેશન સુધીના જ દબાણો દૂર કરાતા હોવાનો અને પાંચબત્તી પછીના પશ્ચિમ વિસ્તારમાં કોઈ કાર્યવાહી નહી કરાતી હોવાનો આક્ષેપ કર્યો હતો. શહેરમાં કોઈ હોકર્સ ઝોન નથી ત્યારે પાલિકા દ્વારા દબાણ હટાવવાની ઝૂંબેશને લઈને લોકોમાં રોષ સાથે તેમની રોજીરોટી છીનવાઈ જવાની ચિંતા જોવા મળી હતી.

**DATE: 02/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### બાળકીને રૂા.પાંચ લાખ વળતર ચુકવવા હુકમ

# સગીરા સાથે દુષ્કર્મ કરનાર આરોપીને આજીવન કેદ

। વાલીયા,અંકલેશ્વર ।

વાલિયા તાલુકાના એક ગામના સ્મશાનમાં ૧૪ વર્ષીય સગીરા સાથે દુષ્કર્મ આચરનાર આરોપીને અંકલેશ્વરની સેસન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી અને વધુમાં સગીરા ને રૂ પાંચ લાખ વિક્ટીમ કોમ્પનસેશન હેઠળ વળતર ચુકવવાનો હુકમ કર્યો હતો.

વાલિયા તાલુકાના એક ગામની ૧૪ વર્ષીય સગીરાને ગત તા ૨૮,નવેમ્બર ૨૦૧૬ના રોજ રવિકાંત ઉર્ફે રવિ ગોવિંદ પટેલે પટાવી ફોસલાવીને ગામના સ્મશાનમાં લઇ જઈ બળજબરી પૂર્વક દુષ્કર્મ ગુજારી ફરાર થઇ ગયો હતો જે બાદ સગીરાએ સમગ્ર હકીકત માતાપિતા ને જણાવતા તેઓ ચોકી ઉઠ્યા હતા અને રવિકાંત પટેલ વિરુદ્ધ વાલિયા પોલીસ મથક માં ફરિયાદ નોંધાવતા પોલીસે દુષ્કર્મ, પોક્સો એક્ટ અને એટ્રોસીટીની કલમ મુજબ ગુનો નોંધી રવિકાંત પટેલની ધરપકડ કરી હતી. આરોપી વિરુદ્ધ અંકલેશ્વરના એડિશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ વી.જે કલોતરાની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. જેમાં સરકાર તરફે સરકારી વકીલ જે.બી પંચાલ દ્વારા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવતા અને દલીલો કરાતા તેઓની દલીલો ગ્રાહ્ય રાખી એડિશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ વી.જે કલોતરાએ આરોપી રવિકાંત પટેલને ૩૭૬ ની કલમ મુજબ આજીવન કેદની સજા તથા પોક્સો એક્ટની કલમ માં ૨૦ વર્ષની સજા ફટકારી હતી.

## સ્મશાનમાં લઈ જઈ સગીરા સાથે દુષ્કર્મ કરાયુ

**DATE: 02/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### મહિલા પોલીસકર્મીએ સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી

# ભરૂચમાં મહિલા પોલીસને અભદ્ર ટિપ્પણી કરનારા યુવાનની ધરપકડ

**ભાસ્કર ન્યૂઝ | ભરૂચ**

ભરૂચ જિલ્લાના એક પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી એક મહિલા પોલીસકર્મી સાથે એક શખ્સે સોશિયલ મીડિયા પર સંપર્ક કર્યો હતો. તેણે જયેશ પટેલ તેમજ સોનુ પટેલ નામની પ્રોફાઇલ બનાવી મહિલા પોલીસકર્મી સાથે વાતચીત શરૂ કર્યાં બાદ તેની સાથે અભદ્ર ભાષામાં વાતચિત કરવા



લાગ્યો હતો. તજેમાં અશ્લીલ ચેનચાળા કરવા સાથે અશ્લીલ વિડીયો મોકલતો હતો. અજાણ્યા શખ્સ દ્વારા કરાતી હેરાનગતિનના કારણે મહિલા પોલીસકર્મી ત્રાસી ગઇ હતી. જેના પગલે મહિલા પોલીસ કર્મીએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે શખ્સની માહિતી મેળવવા માટે ટેક્નિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ટીમોએ શોધખોળ શરૂ કરતાં તેનું નામ જયેશ મનસુખ મકવાણા હોવાનું તેમજ તે ઝઘડિયાના ખરચી ગામે તળાવ ફળિયા ખાતે રહેતો હોવાનું માલુમ પડતાં એલસીબીની ટીમની મદદથી તેને ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 02/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### દહેજ પંથકમાં એસઓજીની ટીમનું ચેકિંગ

# લખીગામ ગામેથી ઝોલાછાપ ડોક્ટરને પોલીસે ઝડપી પાડ્યો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસઓજીની ટીમ દ્વારા દહેજ પંથકમાં ખાસ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં વિસ્તારમાં મેડિકલ ડિગ્રી કે સર્ટીફિકેટ વિના જ લોકોને તપાસી સારવાર કરતાં ઝોલાછાપ ડોક્ટરોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરતાં લખીગામમાં એક બોગસ ડોક્ટર ઝડપાયો હતો.

પીઆઈ એ. એ. ચૌધરીની સુચનાથી હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્ર તેમજ ટીમના અન્ય સભ્યો દહેજ પંથકમાં ઝોલાછાપ ડોક્ટરોને ઝડપી પાડવા માટે ચેકિંગમાં નિકળ્યાં હતાં. દરમિયાનમાં ટીમને જાણ થઈ હતી કે, લખીગામમાં ડો. ધ્રુમિલ વાડીયા પાસે સર્ટી નથી. જેથી તેના ત્યાં જઈ તેની પુછપરછ કરતાં તેની પાસે ડોક્ટરની કોઈ ડિગ્રી ન હોવાનુ જણાવ્યું હતું. તેણે કબુલ્યું હતું કે, તેણે મુઝફ્ફરપુર ગાંધી મહાવિદ્યાલય ગોપાલગંજ બિહારમાં માત્ર બીએ સુધીનો અભ્યાસ કર્યો છે.

**DATE: 03/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### આરોપી કુખ્યાત એક કા તીન ગેંગનો સભ્ય

# પુણા ગામના શખ્સ સાથે 20 લાખની ઠગાઈ કરનાર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

સુરતના પુણા ગામનો વિપુલ મનુ પટેલ જમીન દલાલીનો ધંધો કરતાં હતાં. તેનો સંપર્ક અન્ય દલાલો સાથે હોઈ તે તે પિકીના રજનીકાંત ઉર્ફે રજની પટેલ સાથે તેમનો સંપર્ક થતાં આરબીઆઈએ એસએસ એટલે કે સેકન્ડ સિરીઝના એક નંબરની ડબલ નોટો છપાઈ ગઈ હોય તે નોટો એકના ત્રણ ગણામાં મળે છે. જેથી તેમણે તે લેવાનું નક્કી કરતાં તે વાયા વાયા આછોદના હનિફ પઠાણના સંપર્કમાં આવતાં હનિફે તેના સાગરિતો રાજુ ઉર્ફે અબ્દુલ ખાલીદ જાનુ શીરુ, ઈમ્તિયાઝ ઉર્ફે લાલો અહેમદ પટેલ, ઈકબાલ પઠાણ તેમજ હરેશ જાડેજા સહિતની ટોળકીએ મળી તેને પહેલાં 10 લાખ લઈને બોલાવ્યો હતો. જોકે, બાદ સોદાના સમયે તેમના જ માણસોએ પોલીસ બની આવી તેમને ધમકાવી રૂપિયા લીધાં હતાં. જે બાદ પુનઃ તે જ રીતે બીજા 10 લાખ પડાવ્યાં હતાં. મામલામાં આમોદ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. દરમિયાનમાં આરોપીઓનો સાગરિત મહંમદ નુરેન ઈશા શેખ (રહે. હલીમાવીલા સોસાયટી, નવસારી, મુળ રહે. યુપી) વલસાડના ધરમપુર તાલુકાના બારસોલ ગામે છે. તેવી બાતમી મળતાં ટીમે તેને ઝડપી પાડ્યો હતો.

**DATE: 03/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભરૂચ જિલ્લામાં ધો.10માં 23 હજાર અને 12માં 13 હજાર છાત્રો પરીક્ષા આપશે

# બોર્ડની પરીક્ષા દરમિયાન ટ્રાફિકમાં ફસાવ તો 100 નંબર લગાવો, તરત મદદ મળશે

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

11મી માર્ચ થી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થશે ત્યારે ચાલુ વર્ષે તમે પરીક્ષા આપવા જતાં હોવા અને ટ્રાફિક્માં ફસાયા હશો તો 100 નંબર પર ફોન કરવાથી પોલીસ તમારી મદદે આવશે અને તમને પરીક્ષા કેન્દ્ર સુધી મુકી જશે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. બીજી તરફ ભરૂચ જીલ્લામાં ધોરણ-10 અને 12 ની બોર્ડની પરીક્ષા 11 માર્ચ થી ચાલુ થશે. જેમાં ધોરણ 10 માં 23,240, 12 સામાન્ય પ્રવાહમાં 9,518 જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં 3722 આમ કુલ 36,624 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જોકે ગત વર્ષ કરતાં આ વર્ષે 1,977 વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. તેમ છતાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ગતવર્ષ કરતા 116 વધ્યા છે. તેમજ પરીક્ષા દરમિયાન કોઈ વિદ્યાર્થી ટ્રાફિક માં ફસાય તો 100 નંબર પર કોલ કરવાથી વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર સુધી પહોચાડવામાં આવશે. તેમજ કોઈ વાલીને કે વિદ્યાર્થીઓને કેન્દ્ર પર પહોંચવા માં કોઈ મેડિકલ

## શહેરમાં હાલ ટ્રાફિકની સમસ્યા છે

ભરૂચના ટ્રાફિક ધ્યાને રાખીને અડધો કલાક વહેલા પરીક્ષા સ્થળે પહોંચવું હિતાવહ છે. તેમ છતાં કોઈ વિદ્યાર્થી ટ્રાફિક્માં ફસાઈ તો 100 નંબર પર ફોન કરવું. તેમજ પરીક્ષાને લગતા પ્રશ્નો માટે ટોલ ફ્રી નંબર નો ઉપયોગ કરવો. » સ્વાતિ રાઓલ, જિલ્લા શિક્ષણ અધિકારી ભરૂચ

સમસ્યા સર્જાઈ તેના માટે 108 પર કોલ કરી શકાશે.ગત વર્ષે ધોરણ-10 માં કુલ 24,122 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.જ્યારે આ વર્ષે 23,384 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે 12 સામાન્ય પ્રવાહમાં ગતવર્ષે 10,873 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી જ્યારે ચાલુ વર્ષે 9,518 વિદ્યાર્થી પરીક્ષા આપશે. તેવી જ રીતે વિજ્ઞાન પ્રવાહમાં ગત વર્ષે 3,606 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે આ વર્ષે 3,722 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે આમ ધો-10 અને 12 સામાન્ય પ્રવાહમાં આ વર્ષે વિદ્યાર્થીઓ ઘટ્યા છે.